ઘરે શીખીએ

ધોરણ ૨

જૂન, ૨૦૨૦

વિદ્યાર્થીનું નામ: ______________________________

વાલીનું નામ: ______________ **મોબાઈલ નંબર:** ______________

શાળા: ______________________________

ગામ/શહેર: ______________________________

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે, સૌ આગળ વધે

GCERT Gandhinagar

સ્નેહી વાલીઓ,

આપનું બાળક આ વર્ષે હવે બીજા ધોરણમાં આવી રહ્યું છે. સૌને બાળકોના શિક્ષણની ચિંતા હશે જ. સાથે સાથે વર્તમાન પરિસ્થિતિમાં સ્વાસ્થ્યની પણ એટલી જ ચિંતા હોઈ શકે. શાળાઓ પૂર્વવત થાય તેને કેટલોક સમય લાગશે. પણ શિક્ષણ બંધ નથી થતું. આપના બાળકના શિક્ષણ માટે આ સાથે એક પ્રવૃત્તિ પોથી તૈયાર કરેલ છે. જેમાં આગામી એક માસ દરમિયાન ઘરે કરવાની પ્રવૃત્તિઓ છે. આ પ્રવૃત્તિ બાળકને કરાવજો. જરૂર પડે તો શિક્ષક સાથે ફોનમાં પણ વાત કરજો.

તમારું બાળક ગયું આખું વર્ષ શાળામાં ગયેલ છે. તેને શાળાનો અનુભવ છે. આ વર્ષે કદાચ તે શાળા ખુલવાની રાહ પણ જોઈ રહેલ હશે. નવા વર્ષના શરુ થવા સમયે બાળક ઘરે હશે ત્યારે કેટલીક બાબતો ખાસ કહેવાની છે.

- આ ઉંમરના બાળકને રમવાનું ખૂબ ગમશે. કદાચ જમવાનું પણ ભૂલી જાય. એટલે ઘરે બે સમય નિરાંતે જમે તેના પર ધ્યાન આપશો.
- ભાષામાં બોલવું, સંભાળવું, વાચવુ અને લખવું આ ચાર મુખ્ય બાબતો છે. જેમાંથી બે બાબત ઘરે શીખેલ છે. જયારે વાચવાનું અને લખવાનું ગયા વર્ષે કરેલ છે. કદાચ તેને થોડું ભુલાય પણ ગયું હશે.
- રંગપૂરણી કરવાથી હાથની સાથે આંખ અને મગજનું સંકલન સારી રીતે થાય છે. રંગ બહાર ન નીકળે તેનું ધ્યાન રાખશો. બાળકને તે ધીમે ધીમે આવડશે. એ શીખે છે.
- અને હા, આ ઉમરનું બાળક લગભગ ૨૦-૩૦ મિનીટ એક જગ્યાએ બેસશે. એટલા સમય પછી થોડો વિરામ આપજો. પછી ફરીથી બેસે તેવું કરવું.
- જરૂર પડે તો શિક્ષકને પૂછજો. બાળક કશું નવું કરે, સરસ કરે તો પણ શિક્ષકને ફોન કરજો, તે તમારા ફોનની રાહ જોતા હશે. તેમને પણ ગમશે.
- આ પહેલા મોડ્યુલમાં લગભગ ૧૪ જેટલી પ્રવૃત્તિઓ આપેલ છે. આ પ્રવૃત્તિ કરાવવા શું શું જોઇશે તેની યાદી પાછળ આપેલ છે.
- **કેટલીક પ્રવૃત્તિમાં છેલ્લે QR કોડ આપેલા છે. જેમાં આ જ પ્રવૃત્તિના વિડીઓ છે. આપ આપના મોબાઈલ દ્વારા આ QR કોડના ઉપયોગથી વિડીઓ બતાવી શકશો. જો તમારા મોબાઈલમાં QR કોડ સ્કેનર ન હોય તો ડાઉનલોડ કરી લેશો. જરૂર પડે શાળાના શિક્ષકની મદદ લેશો.**



સંકલ્પના અને માર્ગદર્શન : શ્રી પી. ભારતી, IAS
નિયામકશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગર

ડૉ. ટી. એસ. જોષી
નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

સંયોજન : શ્રી પાર્થેશ પંડ્યા, આઈટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર

લેખન : શ્રીમતી બિંદુબા ઝાલા, બ્રહ્મદીપ ટ્રસ્ટ, રાજપુર

ડૉ. અમૃતા બધેકા; શ્રી પાર્થેશ પંડ્યા; શ્રીમતી શિવાની જૈન

આઈટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર

પરામર્શન : શ્રી હરેશભાઈ ચૌધરી, રીચ ટુ ટીચ, ગાંધીનગર

શ્રી હિરેનભાઈ વ્યાસ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારી

ડીઝાઈન : ચારકોલ ધ સ્ટુડીઓ, અમદાવાદ

વિડીઓ નિર્માણ અને સહયોગ

સંકલ્પના, આયોજન અને ક્રાફ્ટ : શ્રીમતી બિંદુબા ઝાલા, બ્રહ્મદીપ ટ્રસ્ટ, રાજપુર

એડીટીંગ : શ્રી પાર્થ તેરૈયા, આઈટુવી ડેવલપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર

કેમેરા : કુ. પ્રવિણા ધૂમ, બ્રહ્મદીપ ટ્રસ્ટ, રાજપુર

લાઈટ અને મંચ સજ્જા : શ્રી રાકેશ ઠાકોર, બ્રહ્મદીપ ટ્રસ્ટ, રાજપુર

સહયોગ : માહી, સુહાની, રીતેશ, હાર્દિક, યુવરાજ, કુણાલ, કુલદીપ, સાગર, મારી શાળા રાજપુરના બાળકો

સહયોગ : જી. સી. ઈ. આર. ટી, ગાંધીનગર
સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગર
યુનિસેફ, ગાંધીનગર

©૨૦૨૦ જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગર
સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગર
યુનિસેફ, ગાંધીનગર
આઈટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર

આવૃત્તિ- જૂન, ૨૦૨૦, ગુજરાત

અનુક્રમણિકા

૧	બંધ આંખે વસ્તુ ઓળખવી	૦૫
૨	પોસ્ટ કાર્ડ પર પુસ્તક રાખવાં	૦૬
૩	કાગળના રોલમાંથી ઝાડ બનાવવું	૦૭
૪	પેપરકપનો મિનારો	૦૮
૫	સિંહ અને ઉંદરની વાતા	૦૯
૬	બે - બે જૂથમાં ગણતરી	૦૯
૭	ડાબા પગે કૂદકા , જમણા પગે કૂદકા	૧૦
૮	ટપકાં જોડી ચિત્ર બનાવવું - રંગ પૂરવા	૧૧
૯	૩૧થી ૪૦ સુધી લીટી ક્રોસ કર્યા વગર પહોંચવું	૧૨
૧૦	ગાજરની વાર્તા	૧૨
૧૧	ચિત્ર ગણીને લખવા	૧૩
૧૨	ચિત્રની નીચે તેનાં નામ લખવા અને રંગ પૂરવા	૧૪
૧૩	વાચો અને લખો	૧૫
૧૪	જોડકણાં	૧૭



પ્રવૃત્તિ ૧ બંધ આંખે વસ્તુ ઓળખવી

સામગ્રીઃ ગુંદર, લખોટી, પથ્થર, કાતર, ચોંટાડવાની પટ્ટી, થેલી.

સૌ પ્રથમ બાળકની સામે દસેક વસ્તુ મૂકો. તે દરેકનાં નામ બોલી થેલીમાં નાખો. હવે તેને થેલી આપી દો. બાળકને આંખ બંધ કરવા કહો. હવે તેને થેલીમાં હાથ નાખી કોઈ એક વસ્તુ પકડી બહાર કાઢવા કહો. આંખ બંધ રાખીને જ તે ઓળખી બતાવે કે તે વસ્તુ શું છે?

જે વસ્તુ ઓળખી બતાવે તે વસ્તુ બાજુમાં મૂકી દો. ફરી થેલીમાં હાથ નાખી વસ્તુ ઓળખવા કહો. આ રીતે થેલીમાં રાખેલ ૧૦ વસ્તુમાંથી તે કેટલી ઓળખી શક્યા? જે ન ઓળખી શક્યા હોય તેનો પરિચય કરાવો. અને બીજે દિવસે ફરી રમાડો. બીજા દિવસે કોથળીની વસ્તુ બદલવી હોય તો બાળકને બતાવીને પછી થેલીમાં મૂકવી. આ રમત બે ત્રણ દિવસે એકવાર રમવાથી બાળકને ઘણો ફાયદો થશે.



પ્રવૃત્તિ ૨ પોસ્ટ કાર્ડ પર પુસ્તક રાખવાં

સામગ્રીઃ પોસ્ટ કાર્ડ, ચોંટાડવાની ટેપ/ ગુંદર , ગુંદરપટ્ટી.

એક પોસ્ટકાર્ડ અથવા તે માપનો જાડો કાગળ લો. કંકોતરીનો કાગળ પણ ચાલે. બાળકને આપો. તેને કહો કે તેનું ભૂંગળું બનાવે. ભૂંગળું ખૂલી ન જાય તે માટે તેના ઉપર પટ્ટી ચોંટાડે અથવા ગુંદરથી ચોંટાડી દે. હવે ભૂંગળાને ઊભું મૂકવા કહો. હવે તેના ઉપર એક ચોપડી મૂકવા કહો. કેટલું વજન ખમી શકે છે તે જુઓ. પૂછો કે કાગળ આટલું વજન કેમ ખમી ગયો?





પ્રવૃત્તિ ૩ કાગળના રોલમાંથી ઝાડ બનાવવું

સામગ્રીઃ રંગીન કાગળ, કાતર.

બાળકને રંગીન કાગળની લાંબી પટ્ટી આપો. તેનું ભૂંગળું વાળવા કહો. ભૂંગળું વાળી લે પછી તેને ગુંદરપટ્ટી ચોંટાડી દો. જેથી ખૂલે નહીં. હવે ભૂંગળાની એક તરફ કાતરથી કાપા પાડવા કહો. કાપા ભૂંગળાની અડધે સુધી કાપવા કહો. હવે બધી પટ્ટીઓને બહારની બાજુ વાળવા કહો. તમારું ઝાડ તૈયાર.





પ્રવૃત્તિ ૪ પેપરકપનો મિનારો

સામગ્રીઃ પેપરકપ.

બાળકને પંદર પેપરકપ આપો. સૌ પ્રથમ પાંચ પેપરકપ એક હરોળમાં ગોઠવે. તેના ઉપર ચાર, તેના ઉપર ત્રણ, બે અને સૌથી ઉપર એક, આ રીતે પેપરકપ ગોઠવે.

આ પ્રવૃત્તિ બાળકને રોજ એકવાર કરાવો. તેમાં ફાવટ આવી જાય પછી એક સવળો અને તેના પર એક અવળો એમ ગોઠવવા કહો. જુઓ કેટલા ગોઠવી શકે છે. પછીથી રોજ એકવાર આ પ્રવૃત્તિ કરાવવી.





પ્રવૃત્તિ ૫ સિંહ અને ઉંદરની વાર્તા

સામગ્રીઃ સ્માર્ટ ફોન, મોડ્યુલ.

બાળકને આ વાર્તા બતાવવી. બાળક એ વાર્તા જુએ. જો તમારી પાસે સ્માર્ટ ફોન ન હોય તો પુસ્તકમાં પણ એક વાર્તા આપેલ છે તે કહો.

એક બે દિવસે વાર્તા બતાવવી. ત્યાર પછી બાળક તમને એ વાર્તા કહે તેવું ગોઠવવું.

પ્રવૃત્તિ ૬ બે - બે જૂથમાં ગણતરી

સામગ્રીઃ સફેદ ગુંદર, કાર્ડ ૧૦ નંગ, દિવાસળી.

બાળકને દસ કાર્ડ આપવા સાથે દિવાસળી અને સફેદ ગુંદર આપવા. હવે બાળકને દરેક કાર્ડમાં બે બે દિવાસળી ચોંટાડવા કહેવું. ચોંટાડાઈ જાય એટલે કાર્ડ સુકવવા મૂકી દેવાં. સુકાઈ જાય પછી તેને એક કોથળીમાં મૂકી દેવાં. બાળકને બે - બેનાં જૂથની ગણતરી કરાવવી. ૨, ૪, ૬, ૮, ૧૦... એ રીતે ૨૦ સુધી ગણતરી કરાવવી.

આ પ્રવૃત્તિ રોજ એકવાર કરવી જેથી બાળકની ગણતરી પાકી થઈ જાય.



પ્રવૃત્તિ ૭ ડાબા પગે કૂદકા, જમણા પગે કૂદકા

સામગ્રીઃ કશું નહીં.

બાળકને કહેવાનું કે એ ડાબો પગ ઊંચો લઈ જમણા પગે કૂદકા મારે અને ગણે કે કેટલા કૂદકા થયા. જ્યારે બાળકનો પગ નીચે અડી જાય ત્યારે તેને ડાબા પગે લંગડી લેવા કહો સાથે સાથે કૂદકા ગણે. જ્યારે અટકે ત્યારે કહો કે કયા પગના કેટલા કૂદકા થયા. કયા પગથી વધારે કૂદી શકાય? કયા પગથી ઓછા કૂદી શકાયા? તે પૂછો.

આ પ્રવૃત્તિ પણ એક બે દિવસે કરાવતા રહેવાય.





પ્રવૃત્તિ ૮

ટપકાં જોડી ચિત્ર બનાવવું - રંગ પૂરવા

સામગ્રીઃ પેન્સિલ, મીણિયા કલર.

બાળકને અહીં આપેલ ચિત્રના એકડા જોડવા કહો. એમ કરવાથી એક ચિત્ર તૈયાર થશે. બાળકને તે ચિત્રમાં મનગમતા રંગ પૂરવા કહો.



પ્રવૃત્તિ ૯

૩૧થી ૪૦ સુધી લીટી ક્રોસ કર્યા વગર પહોંચવું

સામગ્રીઃ પેન્સિલ, ચેક રબ્બર.



ઉદાહરણ પ્રમાણે બાળકે ૩૧ થી ૪૦ સુધી ક્રમમાં પહોંચવાનું છે. પણ તેણે લીટી પર પાછા વળવાનું નહીં. લીટીને ક્યાંય ક્રોસ નહીં કરવાની તથા એક લીટીને બીજી લીટી સાથે અડવા નહીં દેવાની. જો તેવું થાય તો ચેકીને ફરીથી કરવાનું.

પ્રવૃત્તિ ૧૦

ગાજરની વાર્તા

આ વાર્તા બાળકને તમારા કે શિક્ષકના મોબાઇલમાં બતાવો. જો મોબાઈલ ન હોય તો ગણિતના પાઠ્યપુસ્તકના પ્રકરણ – ૨ માં આ વાર્તા આપેલ છે. બાળકને વારંવાર વાર્તા બતાવવાથી તેને વાર્તા યાદ રહી જશે. અને તો તે વાર્તા કહી પણ શકશે.

પ્રવૃત્તિ ૧૧ ચિત્ર ગણીને લખવા

સામગ્રીઃ નીચે ચિત્ર આપ્યાં છે. પહેલાં તેને રંગ કરવા આપો. રંગ પૂરી લે પછી ગણીને સંખ્યા ખાનામાં લખવા કહો.















પ્રવૃત્તિ ૧૨

ચિત્રની નીચે તેનાં નામ લખવા અને રંગ પૂરવા

સામગ્રીઃ મીણિયા કલર, પેન્સિલ.

બાળકને સૌ પ્રથમ દરેક ચિત્ર નીચે તેનું નામ જાતે લખવા કહો. લખાઇ જાય પછી તેને તેમાં મનગમતા રંગો પૂરવા કહો.



હાથ



















પ્રવૃત્તિ ૧૩ વાચો અને લખો

સામગ્રીઃ પેન્સિલ.

નીચે આપેલાં વાક્યો વાચો અને લખો.

ગગન નમ.

....

નમન ગામમાં જા.

....

મારા દાદા સારા.

....

જનકકાકા બસમાં બેસે.

....

તાપી નદીમાં કીડી તણાણી.

....

પલંગ પર રંગ કર.

ઘોડો ઝડપથી દોડે.

કાળો ભમરો ગીત ગાય.

પવન આવે તો પતંગ ઊડે.

થડ ઉપર ખીસકોલી ચડી.

ઢેફાં પર સફેદ ઈયળ હતી.

પ્રવૃત્તિ ૧૪ જોડકણાં

સામગ્રીઃ સ્માર્ટ ફોન/ પાઠ્યપુસ્તક

સ્માર્ટફોનની મદદથી નીચેના જોડકણાં જુઓ. અને તેના આધારે આ જોડકણાં બાળકને ગવડાવો. બે કે ત્રણ દિવસે એક વખત આ જોડકણાં સંભળાવો અને ગવડાવો.

સામે એક ટેકરી છે,
ત્યાં વડનું ઝાડ છે,

ઠંડી મજાની હવા છે,
ત્યાં ફરવા જાશું ભાઈ,

હીંચકા ખાશુ ભાઈ,
ઉજાણી કરશું ભાઈ,

જલેબી ગાંઠિયા ખાશું ભાઈ,
વડલા ઉપર ચડશું ભાઈ,

ઊંચેથી કૂદકા મારશું ભાઈ,
દોડમ દોડા કરશું ભાઈ,

પાણીમાં છબછબિયાં કરશું ભાઈ,
રેતીમાં બંગલા બાનવશું ભાઈ,

ફરીને પાછા આવશું ભાઈ,

મજા પડી ભાઈ મજા પડી,
મજા પડી ભાઈ મજા પડી.



પ્રવૃત્તિ ક્રમ	પ્રવૃત્તિનું નામ	સામગ્રી	કેટલા દિવસ કરશે?	વિષય	બાળક આ પ્રવૃત્તિ થી શું શીખશે?
૧.	બંધ આંખે વસ્તુ ઓળખવી.	ગુંદર,લખોટી, પથ્થર,કાતર, ચોંટાડવાની પટ્ટી, કાગળ, પેપર કપ, પેન્સિલ,કોથળી, બાકસ, મીણિયો કલર.	૫	ગણિત– પ્રકરણ ૧ ની પ્રવૃત્તિ	આકારોને સ્પર્શથી ઓળખતાં શીખે.
૨.	પોસ્ટ કાર્ડ પર પુસ્તક રાખવા.	પોસ્ટ કાર્ડ, ચોંટાડવાની પટ્ટી,	૧	ગણિત– પ્રકરણ ૧ ની પ્રવૃત્તિ	કાગળનો આકાર બદલાવવાથી તેનીની પ્રવૃત્તિ મજબૂતાઈમાં પડતો ફરક જાણે.
૩.	કાગળના રોલમાંથી ઝાડ બનાવવું.	રંગીન કાગળ, કાતર, ગુંદર	૧	ગણિત પ્રકરણ ૧ ની પ્રવૃત્તિ	આકારને સમજે. સર્જન કરતાં શીખે.
૪.	પેપરકપનો મિનારો.	પેપરકપ ૧૫ નંગ.	૫	ગણિત પ્રકરણ ૧ ની પ્રવૃત્તિ	આકાર અને મજબૂતાઈનો સંબંધ મજબૂત થાય. બાળકમાં ધીરજ કેળવાય.
૫.	સિંહ અને ઉંદરની વાર્તા	સ્માર્ટ ફોન અથવા ધોરણ ૨નું પાઠ્યપુસ્તક	૫	ગુજરાતી ગુજરાતી પાઠ ૧	સાંભળેલી વિગતમાંથી મુખ્ય વિચાર સમજશે. વાર્તા કહેતો થશે.
૬.	બે-બે જૂથમાં ગણતરી.	સફેદ ગુંદર, કડક કાગળના ૧૦ ટુકડા, દિવાસળી	૫	ગણિત પ્રકરણ ૨ ની પ્રવૃત્તિ	જૂથમાં ગણતરી કરતાં શીખે.
૭.	ડાબા પગે કૂદકા, જમણા પગે કૂદકા.	-	૫	ગણિત પ્રકરણ ૧ ની પ્રવૃત્તિ	ગણતરી શાખે. આવું કેમ? એવું વિચારતો થાય.
૮.	ટપકાં જોડી ચિત્ર બનાવવું - રંગ પૂરવા.	પેન્સિલ, મીણિયા કલર.	૧	ગણિત પુનરાવર્તન	અંકનો ક્રમ જાણે. રંગ કરવાનો આનંદ માણે.

પ્રવૃત્તિ ક્રમ	પ્રવૃત્તિનું નામ	સામગ્રી	કેટલા દિવસ કરશે?	વિષય	બાળક આ પ્રવૃત્તિ થી શું શીખશે.
૯.	૩૧ થી ૪૦ સુધી લીટી ક્રોસ કર્યા વગર પહોંચવું.	પેન્સિલ	૧	ગણિત પુનરાવર્તન	અંકના ક્રમનું દૃઢીકરણ થાય. તર્ક કરતો થાય.
૧૦.	ગાજરની વાર્તા.	સ્માર્ટ ફોન / ગણિત પાઠ્યપુસ્તક	૫	ગુજરાતી ભાષાનું પુનરાવર્તન અને ગણિત પ્રકરણ – ૨	ક્રમ સમજે. વાર્તા કહેતો થાય, સાંભળેલ વાર્તાના મુખ્ય વિચાર સમજે.
૧૧.	ચિત્ર ગણીને લખવા.	પેન્સિલ, મીણિયા કલર	૧	ગણિત પુનરાવર્તન	૧ થી ૫૦ અંકોનું જ્ઞાન તાજું થાય.
૧૨.	ચિત્રની નીચે તેના નામ લખવા અને રંગ પૂરવા.	પેન્સિલ, મીણિયા કલર	૧	ગુજરાતી પુનરાવર્તન	શબ્દ લેખન કરે. રંગ પૂરવાનો આનંદ લે.
૧૩.	વાંચો અને લખો.	પેન્સિલ.	૧	ગુજરાતી પુનરાવર્તન	ધોરણ ૧ નું ભાષા જ્ઞાન તાજું થાય.
૧૪.	જોડકણાં	સ્માર્ટ ફોન/ મોડ્યુલ	૫	ગુજરાતી	જોડકણાં ગાતાં શીખે.

unicef

ItoWE
Development Foundation

419-A, Block B, Siddhraj Zori, Sargasan crossroad, Gandhinagar-382421, Gujarat, India, info@itowe.in I www.itowe.in